
CIMS®
Care Institute of Medical Sciences

# CIMS News
# Care & Cure

Volume-5 | Issue-49 | August 25, 2014

Price : ₹ 5/-

કાર્ડિયોલોજી (હૃદય રોગ) વિશેષ



CIMS News
Care & Cure
Volume-5 | Issue-49 | August 25, 2014

CIMS®
Care Institute of Medical Sciences

# હૃદયરોગ (હાર્ટ એટેક) એટલે શું ?
# જીવન શૈલી બદલવાથી હૃદય રોગનું જોખમ ૬૦ ટકા નિવારી શકાય!

દુનિયામાં વિવિધ રોગોને કારણે લોકોની સંખ્યામાં હૃદય રોગથી મૃત્યુ પામતાં લોકોની સંખ્યા વધારે છે. અંદાજે  એક તૃતિયાંશ લોકો હાર્ટ એટેક અથવા તો પક્ષઘાતના હુમલાનો ભોગ બને છે. સવાલ એ થાય છે કે હાર્ટ એટેક શાને કારણે થાય છે ?

"હૃદય એક પંપ છે અને આપણા જીવનકાળ દરમ્યાન ૨૦ કરોડ લીટર લોહીનું શરીરમાં પપીંગ કરે છે. દિવસ-રાત કોઈપણ વિરામ કર્યા વગર આ એક જ અંગ શરીર માટે કાર્યરત રહે છે. તેને પોતાને કાર્યરત રહેવા માટે ઓક્સિજન અને ગ્લુકોઝની જરૂર પડે છે. જે હૃદયની સપાટી ઉપર આવેલી રક્તવાહિનીઓ (ધમની) દ્વારા પહોચે છે. ઉંમર વધવાની સાથે દરેક વ્યક્તિની આ ધમનીઓમાં કોલેસ્ટેરોલ (ચરબી) ની જમાવટ થતી જાય છે અને નળીઓ સાંકળી થતી જાય છે. આ કારણે વ્યકિતને શ્રમ કરતી વખતે હૃદયનો દુખાવો (Angina) અનુભવાય છે. આ  દુખાવો ક્ષણીક હોય છે અને ૨ થી ૫ મીનીટ આરામ કરવાથી કે નાઈટ્રોગ્લીસરીનની ગોળી ચૂસવાથી દુખાવો બંધ થઈ જાય છે. આ Angina નો દુખાવો છાતીની ડાબી બાજુ કે ડાબા હાથમાં જ થાય તેવી સામાન્ય માન્યતા પણ સાચી નથી. આ દુખાવો જમણા હાથમાં કે ખભામાં, ગળામાં, નીચેના જડબામાં,પેટમાં, વાંસામાં કે છાતીના મધ્યમાં પણ થઈ શકે છે. ૨૦% લોકોને તો કોઇ દુઃખાવાનો અનુભવ થતો જ નથી. જયારે આ સાંકળી નળી ઓચીંતી બંધ થઈ જાય છે ત્યારે હૃદયના અમુક ભાગમાં લોહીનો પૂરવઠો તદ્દન બંધ થઈ જાય છે અને તે હૃદયરોગના હુમલામાં (હાર્ટ એટેક) પરિણમે છે. તમને ખબર છે કે ૬૦% પુરૂષો અને ૫૦% સ્ત્રીઓમાં હૃદયની બિમારીની ચેતવણી જ મળતી નથી અને સૌથી પહેલા લક્ષણ રૂપે સીધો હાર્ટ-એટેક જ આવે છે. અને અત્યંત ગંભીર બાબતતો એ છે કે હાર્ટ-એટેક દરમ્યાન ૨૫ %  લોકો તો ઘરેથી ડોકટર પાસે પહોચતાં પહેલા જ મૃત્યું પામે છે,  વિશ્વની કોઈપણ બિમારીમાં આટલો ઉંચો અને આટલો ઝડપી મૃત્યુ-દર નથી ! અને કરૂણતા તો એ છે કે વિશ્વના કોઈપણ દેશ કરતાં ભારતમાં હૃદયરોગની બિમારીનું પ્રમાણ ૫ થી ૧૦ ગણું વધારે છે અને ભારતને હૃદયરોગોની રાજધાની કહેવાય છે!



"તમે કયારેય સાંભળ્યું છે કે હાથીને હાર્ટ-એટેક આવ્યો કે ઘોડાને લકવા (પક્ષઘાત) થયો ? અરે આજની તારીખે આફ્રીકા અને દક્ષિણ અમેરીકામાં જીવતા કેટલાક આદીવાસીઓ ને પણ હાર્ટ-એટેક કે લકવો થતો નથી! તો પછી આપણને શું કામ આવે છે? આનું કારણ એ છે કે સસ્તન

| લીપીડ પ્રોફાઈલના ધોરણ | |
|---|---|
| ઉત્તમ સામાન્ય (નોર્મલ) | હૃદયરોગના દર્દી, ડાયાબિટીસ, હાઈ બી.પી., જોખમી પરિબળો |
| કોલેસ્ટ્રોલ < ૨૦૦ mg % | કોલેસ્ટ્રોલ < ૧૫૦ mg % |
| LDL< ૧૦૦ mg % | LDL< ૭૦ mg % |
| Triglyceride << ૧૫૦ mg % | Triglyceride << ૧૨૦ mg % |
| HDL > ૪૫ mg % | HDL > ૫૦ mg % |

પ્રાણીઓ અને પેલા આદીવાસીઓના લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ ૧૦૦% mg % અને LDL (સૌથી ઘાતક કોલેસ્ટેરોલ)નું પ્રમાણ ૫૦ mg % થી પણ ઓછું છે. આપણા જન્મ વખતે આપણું પ્રમાણ પણ તેટલું જ હતું આ બધાની લોહીની ધમનીઓમાં આટલા ઓછા કોલેસ્ટેરોલના કારણે ચરબી જામતી જ નથી. અને આ કારણે હાર્ટ-એટેક કે લકવા(પક્ષઘાત) થતો જ નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં આપણી જીવનશૈલી તદ્દન બદલાઈ ગઈ છે. તનાવ-યુકત જીવન, ખોરાકમાં ઘી, તેલ, ફરસાણ, મીઠાઈનો વધુ પડતો ઉપયોગ, તમાકુનું સેવન વધુ પડતું વજન અને શરીરની મેદસ્વીતા, કસરતનો અભાવ, ડાયાબીટીસ-બીપી જેવા રોગનું વધતું પ્રમાણ અને આધુનિક જીવનની દોડધામ, હરીફાઈ, અને ટૂંકા ગાળામાં વધુ પૈસા કમાઈ લેવાની આપણી વૃતીના કારણે આપણું કોલેસ્ટેરોલ અને LDL નું પ્રમાણ લોહી ૨ ગણાથી પણ વધી ગયું અને તેનું રકતવાહીનીઓમાં જામી જવાનું શરૂ થયું જેના કારણે હૃદયરોગનો હુમલો કે લકવાના રોગનો જન્મ થયો. ભારતના વડા પ્રધાન હોય કે અમેરીકાના રાષ્ટ્રપતિ હોય, આ રોગ કોઈને છોડતો નથી.

શું આપણે આનાથી બચી શકીએ? ફકત જીવનશૈલી બદલવાથી જ આ જોખમ ૬૦% જેટલું ઓછું થઈ શકે છે. વધુ પડતી જીવનની ભાગ-દોડ થી દૂર રહીએ અને તનાવથી દુર રહેવા માટે યોગ- ધ્યાનની સહાય

| બ્લડ પ્રેશરના ધોરણ | |
|---|---|
| ઉત્તમ | < ૧૨૦ / ૮૦ mm Hg |
| સામાન્ય (નોર્મલ) | < ૧૩૦ / ૮૫ mm Hg |
| સામાન્યથી ઉંચું | ૧૩૦-૧૩૯ / ૮૫-૮૯ mm Hg |
| હાઈ બીપી ( hypertension ) | < ૧૪૦ / ૯૦ mm Hg |

CIMS
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-5 | Issue-49 | August 25, 2014

લઈએ, વધુ પડતા ચરબી યુક્ત તૈલી પદાર્થોનો ખોરાકમાં ઉપયોગ ઓછો કરીને લીલાં શાકભાજી, ફળ ફળાદીનો ઉપયોગ વધારીએ, કોઈપણ પ્રકારના તમાકુંના સેવન થી દૂર રહીએ, પ્રમાણીત વજન જાળવી રાખીએ અને રોજ ૪૫ થી ૬૦ મીનીટ નો સમય વ્યાયામ-કસરત માટે ફાળવીએ. જો તમારૂ લોહીનું દબાણ (બીપી) વધું હોય તો જીવનશૈલી થી અને જરૂર પડેતો દવાઓથી તેના નોર્મલ લેવલમાં લઈ આવીએ. કોઈપણ ઉંમરે આપણું BP ૧૩૦/૮૦ mm.Hg થી નીચે હોવું જોઈએ. જો લોહીમાં ચરબીનું પ્રમાણ વધુ હોય તો તેને પણ ખોરાક-કસરત અને જરૂર પડેતો ડોકટરની સલાહ પ્રમાણેની દવાથી નીચે લાવી શકાય છે STATIN ગૃપની દવા આમાં અત્યંત ઉપયોગી સાબિત થયેલી છે અને તેનાથી હાર્ટ-એટેક,લકવા અને મૃત્યુંનો દર ૩૦% થી વધુ નીચે લાવી શકાય. ભારતીયોમાં ચરબીનું પ્રમાણ બાજુમાં દર્શાવેલ કોઠા પ્રમાણે રાખવું જોઈએ. જો તમને ડાયાબિટીસ હોય તો નિયમીત રીતે ૩ મહીનાનું સરેરાશ લોહીની શર્કરાનું પ્રમાણ (Blood sugar)- Glycated Hb-૬.૫ થી ૭.૦ ની વચ્ચે રાખવું જોઈએ. અને સૌથી મહત્વની વાત:-

**નોર્મલ વજન માપવાની સરળ રીત**

ઉંચાઇ (સેન્ટીમીટરમાં) - ૧૦૦ = વજન કિલો
દા. ત. તમારી ઉંચાઇ ૧૬૦ સે.મી. હોય તો
**૧૬૦ સે.મી. - ૧૦૦ = કિલો ૬૦**

**ડાયાબીટીસના ધોરણ**

૩ માસનું સરેરાશ = ૬.૫ - ૭.૦

જો તમને વારસામાં હૃદયની બિમારી હોય તો તમને પણ આ રોગ આવવાની પુરેપુરી શકયતા છે. અને તેનાથી બચવા માટે ,ચાલો આજ થી જ પ્રયત્નો શરૂ કરીએ.

**સૌજન્ય**
**ડૉ. મિલન ચગ**
MD, DM (Cardiology) DNB (Cardiology) FACC
ઇન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ
(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
Email: milan.chag@cims.me

## સીમ્સ હોસ્પિટલ રજુ કરે છે લેપ્રોસ્કોપીક હર્નીયોપ્લાસ્ટીના વિશેષ પેકેજ

₹ ~~૭૫,૦૦૦~~/- ₹ **૫૫,૦૦૦/-*** (એક સાઇડના)

₹ ~~૧,૦૫,૦૦૦~~/- ₹ **૮૫,૦૦૦/-*** (બે સાઇડના)

**જી. આઇ. સર્જરી ડિપાર્ટમેન્ટ**
ડૉ. ચિરાગ ઠક્કર +૯૧-૮૪૬૯૩૨૭૬૩૪ | ડૉ. જયંત ઝાલા +૯૧-૯૭૧૨૯ ૯૭૦૯૬


**ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ડિપાર્ટમેન્ટ**
ડૉ. યતીન પટેલ +૯૧-૯૮૨૫૦ ૬૩૩૬૩ | ડૉ. ભાવેશ ઠક્કર +૯૧-૯૭૨૭૭૦૭૨૧૪

એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૦૮/૧૨૦૦, +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧

આ પેકેજ ઓક્ટોબર ૧૫, ૨૦૧૪ સુધી જ માન્ય
*શરતો લાગુ

## હર્નિયાનું ઓપરેશન લેપ્રોસ્કોપીથી શા માટે ?

સરળ શબ્દોમાં કહીએ તો, હર્નિયા પેટની દિવાલની એક ક્ષતિ છે જેના દ્વારા પેટના અવયવો (આંતરડા, ઓમેન્ટમ એટલે કે પેટની ચરબી અને અન્ય અવયવો) બહાર નીકળે છે અને સોજા જેવું લાગે છે. સામાન્ય રીતે ખેંચ આવવાથી, ઉધરસ ખાવાથી, ચાલવાથી સોજો વધે છે અને તકલીફ અનુભવાય છે.



**શું શસ્ત્રક્રિયા ફરજિયાત છે**

હા તે ફરજિયાત છે. હર્નિયાની સારવાર માટે તે એકમાત્ર ઉપચાર છે. શસ્ત્રક્રિયા સિવાય હર્નિયા માટે કોઈપણ અન્ય સારવાર ન હતી, છે કે હશે. ઓપરેશનમાં વિલંબ કરવાથી હર્નિયા મોટું થઈ શકે છે અથવા આંતરડાના તે હિસ્સામાં અવરોધ કે ભીંસને કારણે ગેંગરીન જેવી જટિલતા ઉભી થઈ શકે છે જેને કારણે તાત્કાલિક ઓપરેશનની સ્થિતિ ઉભી થઈ શકે છે. આવી જટિલતાઓ દરમ્યાન હર્નિયાના સારવાર ઉપરાંત શસ્ત્રક્રિયા દ્વારા ગેંગરીન થયેલ આંતરડાને પણ દૂર કરવું પડે છે જેનાથી શસ્ત્રક્રિયાનું અને (જાળીના) ઈન્ફેક્શનનું જોખમ વધે છે.

**શું લેપરોસ્કોપિથી હર્નિયાની વધુ સારી સારવાર થઈ શકે છે**

ઈન્સીઝનલ-વેન્ટ્રલ હર્નિયા (પહેલાના ઓપરેશન અને નાભીની જગ્યાએ) માટે લેપરોસ્કોપિક મરામતના ઘણાં ફાયદા છે. તેનાથી ત્વચાની નીચે ઓપન રીપેરમાં જરૂરી મોટા કાપા કે લાંબા છેદને રોકી સકાય છે. ઓપન રીપેરમાં નળીઓને રક્ત અને સીરમ દૂર કરવા માટે દિવાલમાં ગોઠવવું પડે છે, જેને અઠવાડિયું કે તેથી વધુ રાખવું પડી શકે છે. ઓપન રીપેરમાં ઘાના ચેપની અને જાળીના ઈન્ફેક્શનની ઘણી શક્યતાઓ રહેલી છે. આ જટિલતાઓને લેપરોસ્કોપિક માં ઘણે અંશે રોકી શકાય છે. એકંદરે, લેપરોસ્કોપિક પદ્ધતિ સાથે રીકવરી અને દુખાવો શસ્ત્રક્રિયા બાદ નોંધપાત્ર રીતે ઓછો હોય છે. ઈન્ગવાઈનલ (સાથળ પર થતા) હર્નિયા માટે ઓપરેશન બાદ રીકવરી અને દુખાવાના સંદર્ભમાં લેપરોસ્કોપિક હર્નિયાના કેટલાંક ફાયદા રહેલા છે. શસ્ત્રક્રિયા બાદ ઓપન હર્નિયા કરતાં લેપરોસ્કોપિક હર્નિયા સાથે લાંબા ગાળાના દુખાવાની સમસ્યાનો દર ઓછો હોય છે. તે ઉપરાંત એવા કેટલાંક હર્નિયા છે જેની સારવાર ઓપન પદ્ધતિથી જ કરવી જરૂરી છે જ્યારે બંને બાજૂ હર્નિયા હોય તો તેની સારવાર લેપરોસ્કોપિક રીતે કરવી હિતાવહ છે કારણકે એક જ છેદ-છિદ્ર દ્વારા બંને બાજૂની શસ્ત્રક્રિયા થઈ શકે છે.

**સૌજન્ય**
**ડૉ.ચિરાગ ઠક્કર**
MS, MRCS Ed
જી આઈ, લેપરોસ્કોપીક અને બેરીયાટ્રીક સર્જન
(મો) +૯૧-૮૪૬૯૩૨૭૬૩૪
Email: chirag.thakkar@cimshospital.org
drchiragthakkar@yahoo.co.uk

CIMS News
Care & Cure
Volume-5 | Issue-49 | August 25, 2014

CIMS
Care Institute of Medical Sciences

# હૃદયના તમામ રોગો માટે શ્રેષ્ઠ સારવાર આપતી સીમ્સ હોસ્પિટલ

હૃદય રોગનું મુખ્ય કારણ છે ધમનીઓ કઠણ થઈ જવી અથવા ધમનીઓમાંથી લોહી વહેવામાં અવરોધ ઉભો થવો. આવી હાલતમાં હૃદયને લોહી ઓછું પહોંચે છે. આ અવરોધને કારણે એન્જાયના પેક્ટોરીસ અને ત્યારબાદ હાર્ટ એટેક આવે છે. હૃદયમાં લોહી ઓછું પહોંચવાને કારણે દર્દીને છાતીમાં ભારે દુખાવો અને ગભરામણ થવા માંડે છે. આ સ્થિતિને 'અસ્થિર એન્જાયના' તરીકે ઓળખવામાં આવે છે. હૃદયને લોહી સદંતર મળતું બંધ થઈ જાય ત્યારે હૃદયના જે ભાગને અવરોધ ધરાવતી ધમની દ્વારા લોહી મળતું હોય તે ભાગ હંગામી ધોરણે મૃત્યુ પામે છે. અન્ય શબ્દોમાં કહીએ તો હૃદયના તે ભાગમાંથી ચેતન જતું રહે છે અને તે હિસ્સો કાર્યક્ષમતા ગુમાવી બેસે છે. આવી પરિસ્થિતિને આપણે હાર્ટ ઍટેક અથવા હૃદય રોગના હુમલા તરીકે ઓળખીએ છીએ.

"હૃદયરોગના હુમલા પછીનો તરતનો સમય ખૂબજ કટોકટીનો હોય છે. હાર્ટ ઍટેક આવ્યા બાદ હૃદય લોહી પંપ કરવાનું ચાલુ રાખે છે, પણ પહેલાં કરતાં પંપ કરવાની ક્ષમતા ઘટી જાય છે. જો હુમલા પછીના ૬ થી ૧૨ કલાકમાં યોગ્ય સારવાર આપવામાં આવે તો હૃદયના જે ભાગને લોહી ન મળવાને કારણે નુકશાન થયું હોય તે ભાગને ફરીથી કાર્યરત કરી શકાય છે. આથી હૃદયરોગના હુમલા પછી તાત્કાલિક સારવાર આપવામાં આવે તે વિશેષ મહત્વનું છે."

"હૃદયરોગના કેટલાક હુમલા ઓચિંતા અને ખૂબ જ તીવ્રતાથી આવે છે, પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં હૃદય રોગના હુમલાઓ ધીમે રહીને ચાલુ થતા હોય છે. આ સ્થિતિના સામાન્ય લક્ષણોમાં છાતીમાં ગભરામણ, ઠંડો પરસેવો છૂટવો, બાવડાં, પીઠ, ગળા, જડબાં અથવા પેટમાં દુ:ખાવો અથવા, બેચેની થવી, શ્વાસ લેવામાં મુશ્કેલી થવી, મોળ ચડવો કે મગજ ખાલી ખાલી લાગે. જો દર્દીને છાતીમાં ગભરામણ થતી હોય અથવા અહીં દર્શાવેલા એકથી વધુ લક્ષણો જણાતા હોય તો એક મિનિટનો પણ વિલંબ કરવો જોઈએ નહીં (પાંચ મિનિટથી વધુ તો ક્યારેય નહીં). આવા સંજોગોમાં કોઈને મદદ માટે બોલાવીને તાત્કાલિક હોસ્પિટલ પહોંચી જવું જોઈએ."

"ડાયાબીટીસના દર્દીને હૃદય રોગનો હુમલો આવે ત્યારે દુખાવો ન થાય તેવું બની શકે. તેમને કદાચ કોઈ જ લક્ષણો ન અનુભવાય અથવા તો થોડો શ્વાસ ચડે અથવા પરસેવો વળે કે પછી ખૂબ જ નબળાઈ લાગે. આ પ્રકારના કિસ્સાઓનો ખ્યાલ ન આવે અને તેની સારવાર થાય નહીં તેવું બની શકે છે. ઘણાં લોકો આવા સામાન્ય લક્ષણોને ધ્યાનમાં લેતા નથી."



સંશોધનોમાં એવું ફલિત થયું છે કે હૃદય રોગના હુમલાથી થતા મોટાભાગના મૃત્યું છાતીમાં દુખાવો થાય ત્યાર પછીના પહેલા કલાકમાં જ થાય છે, પણ જો લોહી ન પહોંચતું હોય તેવા હૃદયના સ્નાયુના ભાગને થોડીવારમાં લોહી આપવામાં આવે તો તે ખામી વગર ફરીથી બિલકુલ સ્વસ્થ થઈ જાય છે. કહેવાનું એટલું જ કે હૃદય રોગના હુમલાની સર્વોત્તમ સારવાર જેટલી વહેલી મળી શકે તેટલી દર્દીનો જીવ બચાવવામાં વધુ ઉપયોગી નિવડે છે.

### હૃદય રોગના હુમલામાં શું કરવું જોઈએ ?

દર્દી જે કામ કરતાં હોય તે કામ બંધ કરીને આરામ કરવો જોઈએ. ઓગળી શકે તેવી એસ્પિરીનની એક ગોળી લેવી જોઈએ. તેનાથી લોહી પાતળું થઈ જાય છે અને જામતું અટકે છે. નાઈટ્રોગ્લિસીરીનની એક ગોળી જીભ નીચે મૂકીને તરત જ મદદ લઈને ઍમ્બ્યુલન્સ બોલાવવી જોઈએ.

સીમ્સ હોસ્પિટલમાં હૃદય રોગની સારવાર તથા ઓપરેશન કરવું પડે તેવી પરિસ્થિતિમાં ઓપરેશન પૂર્વે, દરમ્યાન તથા ઓપરેશન પછી કોઈપણ પ્રકારની સમસ્યા પેદા થાય નહીં તે માટે સતત સારવારની શ્રેષ્ઠ વ્યવસ્થા ઉપલબ્ધ છે.

**સૌજન્ય**

**ડૉ. હેમાંગ બક્ષી**
MD, DM (Cardiology) FESC
ઇન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ
(મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧
Email: hemang.baxi@cims.me

Volume-5 | Issue-49 | August 25, 2014

**Amongst the first in World and India and only in Gujarat for high-standards of medical practice and dedication in providing quality cardiovascular care**



Dr. Satya Gupta (Senior Cardiologist) receiving ACC-COE certificate on behalf of CIMS on March, 2014




# CIMS Hospital Recognized as International Center of Excellence

American College of Cardiology
International Centers of Excellence
2014–2015

Each year, millions of patients are admitted to the hospital for treatment of heart disease. At CIMS Hospital, we are committed to ensuring all of our heart patients receive the right diagnosis and timely interventions in order to obtain the best outcomes and minimize the chances of having to return to the hospital in the future.

Recently, CIMS Hospital was recognized by the American College of Cardiology as an International Center of Excellence for our efforts. As a benefit of this distinction, our cardiac care team, made up of surgeons, physicians, nurses, pharmacists and others, will now have access to programs and tools designed specifically to help them provide the best care possible, based on the latest scientific research and outcomes data.

We are excited to work with an organization like the American College of Cardiology that is known for its scientific research and guidelines, international quality improvement programs, and educational programs and tools designed specifically for the cardiac care team. Recognition as an International Center of Excellence will allow us to clearly demonstrate our commitment to the transformation of cardiovascular care to our patients and the surrounding community.

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care
NABH
NABL

CIMS Express (Cardiology) - Same day appointment for new patient / second opinion
Call on 98250 66661, 079-3010 1008 (9 am to 5 pm) 98244 50000 (24 x 7)
CIMS Hospital : Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.
info@cims.me | www.cims.me /cimshospitals

CIMS®
Care Institute of Medical Sciences

# જીવાદોરી ટકાવવાની ટેકનિક – ECMO

હૃદય માનવ શરીરનું અતિશય મહત્વનું અંગ છે. આપણે સૌ જાણીએ છીએ કે, વ્યક્તિનું હૃદય ધબકાવાનું બંધ થાય એટલે માનવી મરણને શરણ થઇ જાય. ડો. ધવલ નાયક જેઓ સીમ્સ હોસ્પિટલમાં કાર્ડિયાક સર્જન છે તેમણો માણસની જીવાદોરી ટકાવતી ECMO ટેકનિકની તાલીમ જર્મની ખાતે લીધી છે.

પ્રશ્ન : ECMO શું છે?
જવાબ : ECMO એક એવો પંપ છે જે શરીરમાં હૃદય અને ફેફસાને મશીન દ્વારા સહારો અને સમય આપે છે.

પ્રશ્ન : ECMO રીતે કામ કરે છે.
જાવબ : ECMO હૃદયની જેમજ લોહીને આગળ ધકેલી શરીરમાં પહોંચાડે છે. તે મશીનમાં લોહી શુધ્ધ થઇ પાછુ શરીરમાં જાય છે. આ મશઈન દ્વારા હૃદય બંધ થઇ ગયું હોય તેવા દર્દીને સારવાર આપી શકાય છે.
પ્રશ્ન : આ મશીનને શરીરના કયા ભાગ સાથે જોડવામાં આવે છે?
જવાબ : આ મશીનને ગળા અને થાપાની નસો જોડે જોડવામાં આવે છે.
પ્રશ્ન : ECMO ટેકનિક કોના માટે ઉપયોગી છે?
જવાબ : ECMO ટેકનિક હાર્ટ ફેલ્યોર, બાયપાસ પછી કે પહેલા, વાલ્વ સર્જરી, ઝેરની અસરવાળા દર્દીઓ, જન્મજાત હૃદયમાં ખામી ધરાવતા બાળકો તથા સ્વાઇન ફ્લૂ, ARDS, લંગ ફેલ્યોરના દર્દીઓ માટે ઉપયોગી છે.

ECMO ટેકનિક ગુજરાતમાં માત્ર સીમ્સ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. તે ટેકનિક વાપરતી વખતે ૨૫ લોકોની ટીમ દર્દીની સારવાર સમયે હાજર હોય છે. વન્ટીલેટર પર હોય અને ફેફસા કે હૃદય કામ ન કરતા હોય તેવા દર્દીઓ માટે ECMO ટેકનીક આશાના કિરણ સમાન છે.



**સૌજન્ય**
**ડૉ. ધવલ નાયક**
M.S. (Gold Medalist), DNB (CTS), Fellow RPAH (Sydney)
કાર્ડીયોથોરાસીક સર્જન
(મો) +૯૧-૯૦ ૯૯ ૧૧ ૧૧ ૩૩
Email: dhaval.naik@cims.me


**CIMS ECMO**


CIMS

## ECMO ECLS
(Extracorporeal Membrane Oxygenation-Extracorporeal Life Support System)
**First in Gujarat, Rajasthan, Madhya Pradesh**

**ECMO machine would be helpful in following situations:**

**Heart problems:**
- Heart failure
- Before or after bypass surgeries
- Before or after heart transplant
- After complex heart surgeries
- Congenital heart problems
- After major heart attack
- Before or after complex Angioplasties

**Lung problems:**
- Adult respiratory distress syndrome (ARDS)
- Swine flu, Pneumonia
- Status asthmatics
- Chemical pneumonitis
- In-halational pneumonitis
- Near drowning
- Acute chest syndrome (Sickle cell)
- Bronchiolitis, Persistent air leak syndrome




Hundreds of lives are saved worldwide by **ECMO System**

Green Hospital
CIMS® Care Institute of Medical Sciences
NABH NABL

**ECMO Packages (8 days)***

| Particulars | CIMS Rate | Subsidised from RKP Trust for less affording patient |
|---|---|---|
| ECMO (General Ward) | ₹ 4,70,000 | ₹ 3,95,000# |
| ECMO (Single Class) | ₹ 6,70,000 | --- |
| ECMO (Suite Class) | ₹ 9,00,000 | --- |

*Conditions apply
#The subsidy shall be provided to patients who fulfil the criteria of under privileged as per the Trust's screening process

**CIMS Hospital,** Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. **Phone :** +91-79-2771 2771-75 (5 lines)
**For appointment call :** +91-79-3010 1200, 3010 1008 (9 am-5 pm)
**Mobile :** +91-98250 66661 or **email on** opd.rec@cimshospital.org
**email :** info@cims.me **web :** www.cims.me

**ONE OF THE LARGEST ECMO TEAM OF INDIA**

**ECMO Chief Co-ordinator**
Dr. Dhaval Naik +91-90991 11133
**ECMO Critical Care / Respiratory Team**
Dr. Vipul Thakkar +91-98254 88220
Dr. Bhagyesh Shah +91-90990 68938
Dr. Harshal Thaker +91-99099 19963
Dr. Amit H. Patel +91-98243 10150
Dr. Nitesh K. Shah +91-98250 27487
**ECMO Neonatology & Pediatric Cardiac Team**
Dr. Amit Chitaliya +91-90999 87400
Dr. Kashyap Sheth +91-99246 12288
Dr. Shaunak Shah +91-98250 44502
**ECMO Cardiac Surgery Team**
Dr. Dhiren Shah +91-98255 75933
Dr. Dhaval Naik +91-90991 11133
Dr. Saurabh Jaiswal +91-95867 25827
**ECMO Anaesthetists Team**
Dr. Hiren Dholakia +91-95863 75818
Dr. Chintan Sheth +91-91732 04454
Dr. Niren Bhavsar +91-98795 71917
**ECMO Perfusionist Team**
Mr. Ulhas Padiyar +91-98983 57772
Mrs. Dhanyata Dholakia +91-95864 49430
**ECMO Nursing Team**

**Ambulance & Emergency : +91-98244 50000, 97234 50000, 90990 11234**


**www.cims.me/ecmo**

Volume-5 | Issue-49 | August 25, 2014

# Emergency treatment in Heart Attack

## We will provide the best care in heart attack within minutes

Every minute is important : Cardiology team available: 24 X 7 X 365



Come to CIMS within 01-12 hours of Heart attack pain




## Heart Attack:Time is life

The only thing worse than a heart attack is not reaching the right Team immediately

Ambulance to Emergency Room Transfer: 5 min






**Readiness:** Staff is ready to receive heart attack patient **immediately**

**Angiography under 1-5 minutes**
We do angiography using the latest angiography machine in 7 seconds

**Counselling** about Angioplasty in acute heart attack: 5-10 minutes

**Our admission to angioplasty(D2B) time is less than 60 minutes due to totally integrated system**
**(D2B = door to ballon Angioplasty time )**

Cath Lab is staffed with fully integrated "Cardiology and Cardiac Surgical Team", which is available in the hospital.



**Cath Lab open 24 hrs a day 7 days a week**

CIMS® Care Institute of Medical Sciences

CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Ph. : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, 98250 66668
For appointment call : +91-79-3010 1200, 3010 1008
Mobile : +91-98250 66661 or email on opd.rec@cimshospital.org
www.cims.me

**Ambulance & Emergency :**
**+91-98244 50000, 97234 50000, 90990 11234**

# સીમ્સ કાર્ડિયાક ટીમ

## કાર્ડિયોલોજીસ્ટ

| | | |
|---|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ | ajay.naik@cims.me |
| ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ | satya.gupta@cims.me |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ | vineet.sankhla@cimshospital.org |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ | gunvant.patel@cims.me |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ | keyur.parikh@cims.me |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ | milan.chag@cims.me |
| ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ | urmil.shah@cims.me |
| ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ | hemang.baxi@cims.me |
| ડૉ. અનિશ ચંદારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ | anish.chandarana@cims.me |

## કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજિયોલોજીસ્ટ

| | | |
|---|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ | ajay.naik@cims.me |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ | vineet.sankhla@cimshospital.org |

## કન્જેનાઇટલ અને સ્ટ્રક્ચરલ હાર્ટ ડિસીજ સ્પેશ્યાલીસ્ટ

| | | |
|---|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ | kashyap.sheth@cims.me |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ | milan.chag@cims.me |

## કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન

| | | |
|---|---|---|
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ | dhaval.naik@cims.me |
| ડૉ. સૌરભ જયસ્વાલ | +૯૧-૯૫૮૬૭ ૨૫૮૨૭ | saurabh.jaiswal@cimshospital.org |
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ | dhiren.shah@cims.me |

## પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

| | | |
|---|---|---|
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ | shaunak.shah@cims.me |

## કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાકીક અને થોરાકોસ્કોપીક સર્જન

| | | |
|---|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦ | pmsurg@yahoo.co.in |

## કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ

| | | |
|---|---|---|
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ | hiren.dholakia@cims.me |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ | chintan.sheth@cimshospital.org |
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ | niren.bhavsar@cims.me |

## નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

| | | |
|---|---|---|
| ડૉ.અમિત ચિતલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ | amit.chitaliya@cims.me |

CIMS
Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2014-2016 valid upto 31st December, 2016**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2014 valid upto 31st December, 2016**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

**Care At Homes**
home health @ your doorstep

For complete medical care at home

**Medical | Nursing | Caregiver | Rehabilitation services**

**First time in Gujarat**



If any of your patients require these services, just give them this number **+91-90990 67988** or **+91-81418 92999** we will take care of the rest.

Office : Care At Homes, Nr. Shukan Mall, Off Science City Road, At cims Hospital, Sola, Ahmedabad-380060. Phone : +91-90990 67988, +91-79-3010 1253
Email : info@careathomes.com

- High quality medical care for safer recuperation
- 24-hour services, including all holidays and weekends
- Highly trained & experienced healthcare professionals
- Medical Equipment Rental & Sale
- Home Health Aids - Pharmacy at door step with special discount

**1 day to 1 month or more home health care**

**JUST A SINGLE PHONE CALL**
**+91-90990 67988**
**+91-81418 92999**
**TO TAKE CARE OF YOUR NEEDS**

www.careathomes.com

CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**